ગાંધીજીનો જીવનધર્મ

[૩]

જેમ ગાંધીજી એક પણ હિંદીની આર્થિક, સામાજિક કે રાજકીય બાબતમાં ગુલામી સહી શકતા નથી અને તેથી જ તેઓ જેમ સમગ્ર હિંદની સ્વાતંત્ર્યસિદ્ધિ અર્થે જીવનમાં એક એક શ્વાસ લે છે, તેવી જ દેશની ગુલામી પ્રત્યે વૃત્તિ ધરાવનાર અને દેશની એકમાત્ર પૂર્ણ સ્વતંત્રતા માટે જ દીક્ષા લીધી હોય એવા બીજા પણ અનેક દેશનાયકો અત્યારે આ હિંદમાં જેલની બહાર અને જેલમાં છે. હિંદ બહારના મુલકો તરફ દૃષ્ટિપાત કરીને વિચારીએ તોપણ ગાંધીજીની જેમ પોતપોતાના રાષ્ટ્રની સ્વતંત્રતા જતી ન કરવા, તેને સાચવવા તેમ જ વિકસાવવાની આ નખશિખ લગનીવાળા સ્ટેલિન, હિટલર, ચર્ચિલ કે ચાંગ કાઈ શેક જેવા અનેક રાજપુરુષો, આપણી સન્મુખ ઉપસ્થિત થાય છે. તેમ છતાં હિંદ કે હિંદ બહારના બીજા કોઈ પણ નેતાનું જીવન આપણને તેના જીવનમાં કયો ધર્મ ભાગ ભજવે છે, એવો વિચાર કરવા પ્રેરતું નથી; જ્યારે ગાંધીજીની બાબતમાં તેથી સાવ ઊલટું છે. ગાંધીજીની પ્રવૃત્તિ ગ્રામ્ય ઉદ્યોગોને પગભર કરવાની હોય કે પશુપાલન, ખેતીવાડી, ગ્રામ સુધરાઈ, સામાજિક સુધાર, કોમી એકતા કે રાજકીય સ્વતંત્રતા વિષેની હોય; તેઓ લખતા હોય કે બોલતા હોય, ચાલતા હોય કે બીજું કાંઈ પણ કામ કરતા હોય ત્યારે આપણે તેમની બધી જ પ્રવૃત્તિમાં લૌકિક લાભાલાભની દૃષ્ટિએ તોલ બાંધવા ઉપરાંત એક બીજા પણ રહસ્ય વિષે વિચાર કરવા પ્રેરાઈએ છીએ. અને તે રહસ્ય એટલે ધર્મનું.

કયો ધર્મ શક્તિ સીંચે છે

વિચારક પોતે ખરો ધાર્મિક હોય કે નહિ તેમ છતાં ગાંધીજીની જીવનકથા વાંચીને કે તેમનું જીવન પ્રત્યક્ષ નિહાળીને તેના મનમાં તેમના જીવનગત ધર્મ વિષે અનેક પ્રશ્નો ઉદ્‌ભવે છે. તે એમ વિચારે છે કે ચોવીસે કલાક પ્રવૃત્તિમાં સંપૂર્ણપણે ડૂબેલ આ માણસનું જીવન ધાર્મિક હોઈ શકે કે નહિ? અને જો ધાર્મિક હોય તો એના જીવનમાં કયા ધર્મને સ્થાન છે? ભૂખંડ ઉપરના બધા જ પ્રસિદ્ધ ધર્મોમાંથી કયો ધર્મ એ પુરુષના જીવનમાં સંજીવની શક્તિ અર્પી, પ્રવૃત્તિમાં નિવૃત્તિ સધાવી નિવૃત્તિમાં પ્રવૃત્તિનું રસાયન ઘોળી રહ્યો છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દરેક ધાર્મિક સમાજના અનુયાયીઓના સામાન્ય રીતે ત્રણ વર્ગ છે. પહેલો વર્ગ કટ્ટરપંથીઓનો, બીજો દુરાગ્રહ ન હોય એવાઓનો અને ત્રીજો તત્ત્વચિંતકોનો. જૈન સમાજમાં પણ વત્તેઓછે અંશે આવા ત્રણ વર્ગો છે જ. જેમ કોઈ કટ્ટર સનાતની, કટ્ટર મુસલમાન કે કટ્ટર ક્રિશ્ચિયન ધર્મ તરીકે પોતે માનતો હોય તેવા પોતપોતાના ધર્મના આચાર, વ્યવહાર કે માન્યતાના ખોખાને અક્ષરસઃ ગાંધીજીના જીવનમાં ન જોઈ નિશ્ચિતપણે એમ માની જ લે છે કે ગાંધીજી નથી ખરા સનાતની, ખરા મુસલમાન કે ખરા ક્રિશ્ચિયન. તેવી જ રીતે કટ્ટર જૈન ગાંધીજીના જીવનમાં જૈન આચાર કે જૈન રહેણી-કરણીનું ખોખું અક્ષરસઃ ન જોઈ પ્રામાણિકપણે એમ માને છે કે ગાંધીજી ભલે ધાર્મિક હોય પણ તેમના જીવનમાં જૈન ધર્મનું સ્થાન તો નથી જ, કેમકે તેઓ ગીતા, રામાયણ આદિ દ્વારા બ્રાહ્મણ ધર્મને જે મહત્ત્વ આપે છે તેવું જૈન ધર્મને નથી જ આપતા. બીજો વર્ગ ઉપરનાં ખોખાં માત્રમાં ધર્મની પ્રતિષ્ઠા માનતો ન હોઈ તેમ જ કાંઈક અંતર્મુખ ગુણ–દર્શી અને વિચારક હોઈ ગાંધીજીના જીવનમાં પોતપોતાના ધર્મનું સુનિશ્ચિત અસ્તિત્વ જુએ છે. આ પ્રકૃતિનો વિચારક જો સનાતની હશે તો ગાંધીજીના જીવનમાં સનાતન ધર્મનું સંસ્કરણ જોશે, જો મુસલમાન કે ક્રિશ્ચિયન હશે તો તે પણ તેમના જીવનમાં પોતાના જ ધર્મની નાડ ધબકતી જોશે. એવી જ રીતે આવું વલણ ધરાવનાર જૈન વર્ગ ગાંધીજીના જીવનમાં જૈન ધર્મના પ્રાણભૂત અહિંસા, સંયમ અને તપની નવેસર પ્રતિષ્ઠા જોઈ તેમના જીવનને જૈન ધર્મમય લેખશે. ત્રીજો વર્ગ જે અંતર્મુખ અને ગુણદર્શી હોવા ઉપરાંત સ્વ કે પરના વિશેષણ વિના જ ધર્મના તત્ત્વનો વિચાર કરે છે તેવા તત્ત્વ-ચિંતક વર્ગની દૃષ્ટિએ ગાંધીજીના જીવનમાં ધર્મનું અસ્તિત્વ તો છે જ પણ તે ધર્મ કોનો—આ સંપ્રદાયનો કે તે સંપ્રદાયનો, એમ નહિ પણ તે સર્વ સંપ્રદાયોના પ્રાણરૂપ, તેમ છતાં સર્વ સંપ્રદાયોથી પર એવો પ્રયત્નસિદ્ધ સ્વતંત્ર ધર્મ છે. ભલે ગણ્યાગાંઠ્યા પણ આવા તત્ત્વચિંતકો જૈન સમા-જમાં છે, જેઓ ગાંધીજીના જીવનગત ધર્મને એક અસાંપ્રદાયિક તેમ જ અસંકીર્ણ એવો ધર્મ માનશે, પણ તેને સાંપ્રદાયિક પરિભાષામાં જૈન ધર્મ માનવાની ભૂલ તો નહિ જ કરે.

સંપ્રદાયનો ધર્મ નથી

કહ્યા વિના પણ વાચક એ સમજી શકશે કે આ સ્થળે ગાંધીજીના જીવન સાથે જૈન ધર્મના સંબંધનો પ્રશ્ન પ્રસ્તુત હોવાથી હું એ મર્યાદા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહાર અન્ય ધર્મોને અવલંબી ખાસ ચર્ચા કરી ન શકું. હું પોતે સ્વતંત્ર દૃષ્ટિથી એમ મક્કમપણે માનું છું કે ગાંધીજીના જીવનમાં ઊગેલો, વિકસેલો અને વ્યાપેલો ધર્મ એ કોઈ આ કે તે સંપ્રદાયનો ધર્મ નથી. પણ તે બધા સંપ્રદાયોથી પર અને છતાં બધા જ તાત્ત્વિક ધર્મોના સારરૂપ છે કે જે તેમના પોતાના વિવેકી સાદા પ્રયત્નથી સધાયેલ છે.

ગાંધીજીનો ધર્મ કોઈ એક સંપ્રદાયમાં સમાતો નથી, પણ એમના ધર્મમાં બધા સંપ્રદાયો સમાઈ જાય છે, આ વિધાનને મધુકર દૃષ્ટાંતથી વધારે સારી રીતે સમજાવી શકાય. આંબલી અને આંબા, બાવળ અને લીંબડો, ગુલાબ અને ચંપો જેવા એકબીજાથી વિરુદ્ધ રસ અને ગંધવાળાં પુષ્પો અને પત્રો ઉત્પન્ન કરનાર વૃક્ષો જ્યાં હોય ત્યાં ભ્રમર એ બધાંમાંથી જુદો જુદો રસ ખેંચી એક મધપૂડો તૈયાર કરે છે. મધુપટલની સ્થૂળ રચના અને તેમાં સંચિત થતા મધુરસમાં તે દરેક જાતનાં વૃક્ષોના રસનો ભાગ છે પણ તે મધ નથી હોતું. આંબલીની પેઠે ખાટું કે આંબાની પેઠે ખાટું તૂરું. તે નથી હોતું લીંબડા જેવું કડવું કે નથી હોતું બાવળના રસ જેવું. તે નથી હોતું ગુલાબના રંગ કે સ્વાદવાળું અગર તો ચંપાના રંગ કે સ્વાદવાળું. મધ એ ત્યાં રહેલી વૃક્ષ–વનસ્પતિની સામગ્રીમાંથી નિષ્પન્ન ભલે થયું હોય પણ તેમાં મધુકરની ક્રિયાશીલતા અને પાચનશક્તિનો ખાસ હાથ હોય છે. મધુકર ન હોય અને બીજા કોઈ યંત્રથી કે બીજી રીતે તેમાંથી રસ ખેંચે તો તે બીજું ગમે તે હશે, છતાં તે મધુર તો નહિ જ હોય. જો કે એ મધ વિવિધ વૃક્ષ–વનસ્પતિઓના રસમાંથી તૈયાર થયેલું છે છતાં મધની મીઠાશ કે તેનું પથ્યપોષક તત્ત્વ એ એકે વનસ્પતિમાં નથી. વિવિધ વનસ્પતિ–રસો ઉપર મધુકરની પાચક–શક્તિએ અને ક્રિયાશીલતાએ જે અસર ઉપજાવી તે જ મધુરૂપે એક અખંડ સ્વતંત્ર વસ્તુ બની છે. તે જ રીતે ગાંધીજીના જીવનવહેણમાં જુદા જુદા ધર્મસ્રોતો ભલે આવીને મળ્યા હોય, પણ તે બધા સ્રોતો પોતાનું નામરૂપ છોડી તેમના જીવન-પટલમાં મધુરતમ રૂપે એક નવીન અને અપૂર્વ ધર્મસ્વરૂપમાં ફેરવાઈ ગયા છે. કારણ કે ગાંધીજીએ તે તે ધર્મનાં તત્ત્વો પોતાના જીવનમાં ઉધાર લીધેલાં નથી કે આગંતુક તરીકે ગોઠવ્યાં નથી. પણ એમણે એ તત્ત્વોને પોતાના વિવેક અને ક્રિયાશીલતાથી જીવનમાં પચાવી તેમાંથી પરસ્પર કલ્યાણકારી એક નવું જ ધાર્મિક દૃષ્ટિબિંદુ નિપજાવ્યું છે. ગાંધીજી વેદોને માનશે પણ વેદાનુસારી યજ્ઞો નહિ કરે. તેઓ ગીતાનો સાથ નહિ છોડે

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

પણ તેમાં વિહિત શસ્ત્રદ્વારા દુષ્ટ દમનમાં નહિ માને. તેઓ કુરાન ને આદર કરશે પણ કોઈને કાફર નહિ માને. તેઓ બાઈબલનો પ્રેમધર્મ સ્વીકારશે પણ ધર્માંતરને સાવ અનાવશ્યક સમજશે. તેઓ સાંખ્ય, જૈન અને બૌદ્ધોના ત્યાગને અપનાવશે પણ જગતરૂપ મિથિલા કે માનવરૂપ મિથિલા દુઃખાગ્નિથી દાઝી કે બળી રહી હોય ત્યારે મહાભારત અને બૌદ્ધજાતકના વિદેહજનકની પેઠે અગર તો જૈનોના નમિરાજર્ષિની પેઠે 'મારું કશું જ બળતું નથી' એમ કહી એ બળતી મિથિલાને છોડી એકાન્ત અરણ્યવાસમાં નહિ જાય.

જૈન વલણથી જુદી અહિંસા

કેટલાક એમ ધારે છે કે ગાંધીજીનો નિરામિષ ભોજનનો આગ્રહ એ એક જૈન સાધુ પાસેથી લીધેલ પ્રતિજ્ઞાનું પરિણામ છે અને તેમનો અહિંસા વિષેનો પાકો વિચાર શ્રીમદ્ રાયચંદની સોબતનું પરિણામ છે. તેથી ગાંધીજીનો જીવનપંથ મુખ્યપણે જૈન ધર્મપ્રધાન છે. હું એ પ્રતિજ્ઞા અને સંસર્ગની હકીકત કબૂલ રાખું છું, પણ . તેમ છતાં એમ માનું છું કે ગાંધીજીનું અહિંસાપ્રધાન વલણ એ અહિંસાના જૈન વલણથી જુદું જ છે. માંસત્યાગની પ્રતિજ્ઞા આપનાર કે લેવડાવનાર આજે જીવિત હોય તો તેઓ ગાંધીજીના નિરામિષ ભોજનના આગ્રહથી પ્રસન્ન જરૂર થાય પણ સાથે જ ગાંધીજીને એમ માનતા જુએ કે ગાય અને ભેંસ વગેરે પશુઓનું દૂધ તેમનાં વાછરડાં કે પાડાંના મોઢેથી છીનવી પી જવું એ સ્પષ્ટ હિંસા જ છે, તો તેઓ જરૂર એમ કહે કે આવી તે કાંઈ અહિંસા હોય! શ્રીમદ્ રાયચંદ જીવિત હોય અને ગાંધીજીને અશસ્ત્રપ્રતિકાર કરતા જુએ તો સાચે જ તેઓ પ્રસન્ન થાય, પણ જો તેઓ ગાંધીજીને એવું આચરણ કરતા, માનતા કે મનાવતા જુએ કે જ્યારે કોઈ પશુ મરવાના અસહ્ય સંકટમાં હોય, બચાવ્યું બચે તેમ ન હોય ત્યારે તેને ઇન્જેકશન વગેરેથી પ્રાણમુક્ત કરવામાં પણ પ્રેમધર્મ અને અહિંસા સમાયેલ છે તો તેઓ ગાંધીજીની માન્યતા અને આચરણને કદી જૈન–અહિંસા તો નહિ જ કહે. તે જ રીતે શ્રીમદ રાયચંદ હડકાયા કૂતરાને મારવાના વલણનું અગર ખેતીવાડીનો નાશ કરનાર વાંદરાઓના વિનાશના વલણનું સામાજિક અહિંસાની દૃષ્ટિએ સમર્થન કરતા ગાંધીજીને ભાગ્યે જ જૈન–અહિંસાના પોષક માને. ગાંધીજીના જીવનમાં સંયમ અને તપનું બહુ ઊંચું સ્થાન છે. જે જૈન ધર્મનાં ખાસ અંગ ગણાય છે. અનેકવિધ કડક નિયમોને પચાવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગયેલ અને લાંબા ઉપવાસોની હારમાળામાં નામ કાઢનાર ગાંધીજીના સંયમ અને તપને જૈન સંયમ કે તપરૂપે ભાગ્યે જ કોઈ માનશે. કોઈ પણ જૈન–ત્યાગી સાધુ કરતાં બ્રહ્મચર્યનું સર્વદેશીય મૂલ્યાંકન વધારે કરવા છતાં જ્યારે ગાંધીજી કોઈનાં લગ્ન જાતે જ કરાવી નવદંપતીને આશીર્વાદ આપતા હશે, અગર તો કોઈ વિધવાને સૌભાગ્યનું તિલક કરાવતા હશે કે કોઈના છૂટા-છેડામાં સંમતિ આપતા હશે, ત્યારે હું ધારું છું કે ભાગ્યે જ કોઈ એવો જૈન હશે જે ગાંધીજીના બ્રહ્મચર્યને પૂર્ણ બ્રહ્મચર્ય માનવા તૈયાર હોય. ગાંધીજી ગમે તેટલા લાંબા ઉપવાસો કરે પણ તેઓ લીંબુનું પાણી લે અગર તો તે ઉપવાસો આત્મશુદ્ધિ ઉપરાંત સામાજિક શુદ્ધિ અને રાજકીય પ્રગતિનું પણ અંગ છે એમ સાચા દિલથી માને–મનાવે ત્યારે એમના એ કિંમતી ઉપવાસોને પણ જૈનો ભાગ્યે જ જૈનતપ કહેશે.

અહિંસા અને સંયમ તત્ત્વો

પરંપરાગત જૈન ધર્મનો ઉદાર દૃષ્ટિએ અભ્યાસ કરનાર પણ કોઈ વિચારક જ્યારે ગાંધીજીના જીવનધર્મ વિષે મુક્ત મને વિચાર કરે છે ત્યારે તે એટલું સત્ય સ્વીકારી લે છે કે ગાંધીજીનો જીવનવ્યવહાર અહિંસા અને સંયમનાં તત્ત્વો ઉપર પ્રતિષ્ઠિત છે અને પ્રામાણિકપણે જૈન ધર્મને આચર-રનાર ભૂતકાલીન કે વર્તમાનકાલીન પુરુષોનો આચાર–વ્યવહાર પણ અહિંસા સંયમમૂલક છે. આ રીતે તો તે વિચારક એમ માની જ લે છે કે જૈન ધર્મનાં પ્રાણભૂત અહિંસા, સંયમ અને તપ ગાંધીજીના જીવનમાં કામ કરી રહ્યાં છે. પણ આથી આગળ વધી જ્યારે તે વિચારક વિગતોનો વિચાર કરે છે ત્યારે તેને ખરેખરી મૂંઝવણ ઊભી થાય છે. ગાંધીજીની અનેકમુખી પ્રવૃત્તિઓમાં તે જે રીતે અહિંસાનો અમલ થતો જુએ છે, અને ઘણીવાર પરસ્પર વિરુદ્ધ દેખાય એવાં વિધાનો તેમ જ આચરણો અહિંસાને નામે થતાં તે ગાંધીજીના જીવનમાં નિહાળી જૈન પરંપરામાં પ્રથમ માન્ય થયેલી અને અત્યારે પણ મનાતી આચરણાઓ સાથે સરખાવે છે ત્યારે તેનું ઉદાર ચિત્ત પણ પ્રામાણિકપણે એવી શંકા કર્યા વિના રહી શકતું નથી કે જો સિદ્ધાંતરૂપે અહિંસા અને સંયમનું તત્ત્વ એક જ હોય તો તે યથાર્થ ત્યાગી હોય એવા જૈનના જીવનમાં અને ગાંધીજીના જીવનમાં તદ્દન વિરોધી-પણે કામ કેવી રીતે કરી શકે? વિચારકનો આ પ્રશ્ન નિરાધાર નથી. પણ જો એનો સાચો ઉત્તર મેળવવો હોય તો આપણે કાંઈક વિશેષ ઊંડાણમાં ઊતરવું પડશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દૃષ્ટિબિંદુનું સામ્ય

જૈનધર્મનું દૃષ્ટિબિંદુ આધ્યાત્મિક છે, અને ગાંધીજીનું દૃષ્ટિબિંદુ પણ આધ્યાત્મિક છે. આધ્યાત્મિકતા એટલે પોતામાં રહેલ વાસનાઓની મલીનતા દૂર કરવી તે. બહુ પ્રાચીનકાળના તપસ્વી સંતોએ જોયું કે કામ, ક્રોધ, ભય આદિ વૃત્તિઓ જ મલીનતાનું મૂળ છે અને તે જ આત્માની શુદ્ધતાને હણે છે, તેમ જ શુદ્ધતા મેળવવામાં વિઘ્નો નાખે છે. તેથી તેમણે એ વૃત્તિઓના ઉન્મૂલનનો માર્ગ લીધો. એવી વૃત્તિઓનું ઉન્મૂલન કરવું એટલે કે પોતામાં રહેલ દોષોને દૂર કરવા. એવા દોષો તે હિંસા અને તેને પોતામાં સ્થાન લેતા રોકવા તે અહિંસા. એ જ રીતે એવા દોષોમાંથી ઉદ્‌ભવનારી પ્રવૃત્તિઓ તે હિંસા અને એવી પ્રવૃત્તિઓનો ત્યાગ તે અહિંસા. આમ અહિંસાનો મૂળમાં દોષત્યાગરૂપ અર્થ હોવા છતાં તેની સાથે તન્મૂલક પ્રવૃત્તિઓનો ત્યાગ એ બીજો અર્થ પણ સંકળાઈ ગયો. જેઓ પોતાની વાસનાઓ નિર્મૂળ કરવા ઇચ્છતા હોય તેઓ એવી વાસનાઓનો જેમાં જેમાં સંભવ હોય એવી પ્રવૃત્તિઓનો પણ ત્યાગ કરતા. આ સાધના કંઈ સહેલી ન હતી. તેની લાંબી સાધના માટે અમુક દુન્યવી પ્રપંચોથી મુક્ત થવું અનિવાર્ય હતું; એટલે દુન્યવી પ્રવૃત્તિઓથી અલગ થઈ આધ્યાત્મિક સાધના કરવાની પ્રથા પડી. દેખીતી રીતે જ આ સાધનાનો હેતુ મૂળમાં દોષોથી નિવૃત્ત થવાનો અને ગમે તેવે પ્રસંગે પણ દોષોથી અલિપ્ત રહી શકાય એટલું બળ કેળવવાનો હતો. અહિંસાની પ્રાથમિક અને મુખ્ય નિવૃત્તિ સિદ્ધ કરવા જે જે સંયમના અને તપના બીજા અનેક પ્રકારો અસ્તિત્વમાં આવ્યા તે બધા મોટે ભાગે નિવૃત્તિલક્ષી જ યોજાયા અને તેથી અહિંસા, સંયમ કે તપની બધી વ્યાખ્યાઓ મોટે ભાગે નિવૃત્તિલક્ષી ઘડાઈ. બીજી બાજુ આધ્યાત્મિક શુદ્ધિની સાધના માત્ર વ્યક્તિગત ન રહેતાં તેણે સંઘ અને સમાજમાં પણ સ્થાન લેવા માંડ્યું. જેમ જેમ તે સંઘ અને સમાજના જીવનમાં પ્રવેશતી ગઈ તેમ તેમ તે વિસ્તરતી ગઈ, પણ ઊંડાણ ઓછું થતું ગયું. સંઘ અને સમાજમાં એ સાધનાનો પ્રવેશ કરવા અને ટકાવવા માટે અહિંસા, સંયમ અને તપના અર્થો નવેસર વિચારાયા અને તેમાં જે મૂળગત શક્યતા હતી તે પ્રમાણે વિકાસ પણ થયો.

જૈન પરંપરા અને બૌદ્ધ ધર્મ

દીર્ઘ તપસ્વી મહાવીરનું જીવન જેટલું વધારે નિવૃત્તિલક્ષી હતું તેટલું જ તેમના સમકાલીન તથાગત બુદ્ધનું ન હતું. જો કે બન્ને પોતાની અહિંસાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમાજગત કરવા યત્નશીલ હતા. બુદ્ધે પોતાના જીવનમાં અહિંસા અને સંયમ પૂરેપૂરાં વણ્યાં હતાં અને છતાંય તેમણે અહિંસા અને સંયમનો અર્થ લંબાવી પ્રવૃત્તિ દ્વારા વ્યાવહારિક લોકસેવાનાં બીજ પણ નાખ્યાં. આ બાબતમાં જૈન પરંપરા બૌદ્ધ પરંપરા કરતાં કાંઈક પછાત રહી, અને તેમાં સંજોગબળે પ્રવૃત્તિનું પરિમિત તત્ત્વ દાખલ થયા છતાં નિવૃત્તિનું જ રાજ્ય મુખ્યપણે રહ્યું. બુદ્ધે પોતાના જીવન અને ઉપદેશ દ્વારા જે લોકસંગ્રહનાં બીજો નાખ્યાં હતાં તે આગળ જતાં મહાયાનરૂપે વિકાસ પામ્યાં. મહાયાન એટલે બીજાંઓના લૌકિક અને લોકોત્તર કલ્યાણ માટે પોતાની જાતને ગાળી નાખવાની વૃત્તિ—બીજી બાજુ આ મહાયાની ભાવનાનાં પ્રબળ મોજાંને લીધે કે સ્વતંત્રપણે પણ કોઈ સાંખ્યાનુયાયી દીર્ઘદર્શી વિચારકે વાસુદેવ ધર્મ, જે તે વખતે ઠીક ઠીક પ્રતિષ્ઠા પામ્યો હતો અને વિસ્તરતો જતો હતો તેને કેન્દ્રસ્થ બનાવી અત્યાર લગી ચાલ્યા આવતા પ્રવૃત્તિ અને નિવૃત્તિના સંઘર્ષનું સમાધાન કરી એમ સ્થાપ્યું કે કોઈ પણ સમાજગામી ધર્મ દુન્યવી નિવૃત્તિ બાહ્યનિષ્ક્રિયતા ઉપર ટકી ન શકે. ધર્મ—જીવન વાસ્તે પણ પ્રવૃત્તિ અનિવાર્ય છે અને સાથે સાથે એણે એમ પણ સ્થાપ્યું કે કોઈ પણ પ્રવૃત્તિ સમાજને ત્યારે જ હિતાવહ નીવડે જો તે વૈયક્તિક વાસનામૂલક ન હોઈ સ્વાર્થથી પર હોય.

નિવૃત્તિલક્ષી આચાર

અહિંસા અને બીજા તન્મૂલક બધા આચારોની પહેલી ભૂમિકા નિવૃત્તિલક્ષી હોવાથી તેની વ્યાખ્યાઓ પણ નિવૃત્તિલક્ષી જ હતી. જે કાળક્રમે બૌદ્ધ પરંપરા અને વાસુદેવ પરંપરાને પ્રભાવે પ્રવૃત્તિલક્ષી તેમ જ લોકસંગ્રહપરાયણ બની. અહિંસાનો અર્થ માત્ર અભાવાત્મક ન રહેતાં તેમાં વિધાયક પ્રવૃત્તિ બાજુ પણ ઉમેરાઈ. ચિત્તમાંથી રાગદ્વેષ દૂર કર્યો પછી પણ જો તેમાં પ્રેમ જેવા ભાવાત્મક તત્ત્વને સ્થાન ન મળે તો તે ખાલી પડેલું ચિત્ત પાછું રાગદ્વેષનાં વાદળોથી ઘેરાઈ જવાનું, એમ સિદ્ધ થયું. તે જ રીતે માત્ર મૈથુનવિરમણમાં બ્રહ્મચર્યનો પૂર્ણ અર્થ ન મનાતાં તેનો અર્થ વિસ્તર્યો અને એમ સિદ્ધ થયું કે બ્રહ્મમાં એટલે કે સર્વ ભૂતોમાં પોતાને અને પોતામાં સર્વ ભૂતોને માની આત્મૌપમ્યમૂલક પ્રવૃત્તિ કરવામાં રચ્યાપચ્યા રહેવું તે જ ખરું બ્રહ્મચર્ય. આ અર્થમાંથી મૈત્રી, કરુણા વગેરે ભાવનાઓનો અર્થ પણ શ્રી. સંપૂર્ણાનંદજી તેમના છેલ્લા પુસ્તક 'ચિદ્વિલાસ'માં કરે છે તેમ વિસ્તર્યો અને તે બ્રહ્મવિહાર ગણાઈ. મૈથુનવિરમણ એ તો આવા ભાવાત્મક બ્રહ્મચર્યનું અંગ બની રહ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યારે નિવૃત્તિગામી વ્યાખ્યાઓ પ્રવૃત્તિ પર પણ થવા લાગી ત્યારે એ પ્રભાવથી જૈન પરંપરા છેક જ અલિપ્ત તો રહી શકી નહિ, પણ તેમાં સાધુ સંસ્થાના બંધારણે અને બીજાં અનેક બળોએ એવો ભાગ ભજવ્યો કે જૈન પરંપરાનો વ્યવહાર મુખ્યપણે નિવૃત્તિગામી જ રહ્યો, અને શાસ્ત્રની વ્યાખ્યાઓ પણ લગભગ નિવૃત્તિપોષક જ રહી. જો કે ઇતિહાસ સમાજને જુદી રીતે ઘડી રહ્યો હતો અને તે જૈન પરંપરાના વ્યવહારમાં તેમ જ શાસ્ત્રીય વ્યાખ્યાઓમાં ફેરફાર માગતો હતો, છતાં એ કામ આજલગી અધૂરું જ રહ્યું છે.

સંસ્કારની અસર

જ્યારે કોઈ વિચારક જૈનપરંપરાના આચાર-વિચારનું અનુસરણ કરે છે અને જૈન શાસ્ત્રોનો અભ્યાસ કરે છે ત્યારે તેના મન ઉપર હજારો વર્ષ પહેલાં ઘડાયેલ એ નિવૃત્તિપ્રેરક ધોરણ અને વ્યાખ્યાઓના સંસ્કારો એટલા બધા સચોટ પડે છે કે તે તેને ભેદી ભાગ્યે જ વિચાર કરી શકે છે. સિદ્ધાંત એક જ હોય પણ તે સંજોગો પ્રમાણે કેવી રીતે અનેક મુખે કામ કરે છે એ તત્ત્વ સમજવું તે સ્થિતિમાં અઘરું થઈ પડે છે.

ગાંધીજીને આધ્યાત્મિકતા સિદ્ધ કરવી છે. તેની ભૂમિકારૂપે તેમણે પોતાના જીવનમાં અહિંસા વગેરે તત્ત્વોને સ્થાન આપ્યું છે. પણ તેમનું દૃષ્ટિબિંદુ મહાયાનમાર્ગી હોઈ તેઓ બીજાને સુખી જોયા સિવાય પોતાને સુખી માની શકતા નથી. ગાંધીજીનું દૃષ્ટિબિંદુ મહાયાની અને તેમાં અહિંસાનું તત્ત્વ ઉમેરાયું એટલે સ્વાભાવિક રીતે જ તેમનું જીવન લોકકલ્યાણ તરફ વળ્યું અને તેમની આધ્યાત્મિક શુદ્ધિની દૃષ્ટિએ તેમને અનાસક્ત કર્મયોગ સૂઝાડ્યો. તેમનામાં મૂળથી જ અહિંસાના સંસ્કાર ઓતપ્રોત હતા એટલે તેમણે પોતાની અહિંસાને પ્રવૃત્તિનાં બધાં જ ક્ષેત્રોમાં વહેતી મૂકી. ગીતાના અનાસક્ત કર્મયોગ પ્રમાણે જીવન ઘડવા મંથન શરૂ કર્યું અને છતાંય તેમણે ગીતાના સશસ્ત્ર પ્રતિકારને ટાળવા ભગીરથ પ્રયત્ન પણ કર્યો.

ઉપરની ચર્ચા એટલું જાણવા માટે બસ થશે કે જૈન પરંપરા સામાજિક બની છતાં તેના ધર્મોનું વલણ અહિંસાની પ્રાથમિક ભૂમિકારૂપ નિવૃત્તિલક્ષી જ રહ્યું છે. જ્યારે ગાંધીજીનો અહિંસાધર્મ આત્મલક્ષી અને સમાજલક્ષી હોઈ તેમાં દુન્યવી નિવૃત્તિનો આગ્રહ સંભવી જ શકતો નથી. સમાજના પ્રેય અને શ્રેય અર્થે અનેકવિધ પ્રવૃત્તિઓ ચલાવવી—એ વિશાળ ભાવના જ તેમને અનેક પ્રકારના પરસ્પર વિરોધી તેવાં વિધાનો કરવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રેરે છે, જો કે વસ્તુતઃ તે અવિરોધી જ ગણી શકાય. ગાંધીજીએ જૈન પરંપરાને માન્ય એવી નિવૃત્તિપક્ષી દેખાતી અહિંસા અપનાવી છે ખરી, પણ તેમણે પોતાના સર્વ કલ્યાણકારી સામાજિક ધ્યેયની સિદ્ધિ અર્થે તે અહિંસાના અર્થનો એટલો બધો વિસ્તાર કર્યો છે કે આજની સ્થિતિમાં ગાંધીજીનો અહિંસા ધર્મ એ એક પોતાનો જ અહિંસા ધર્મ બની ગયો છે. એ જ રીતે આ દેશ અને પરદેશની અનેક અહિંસાવિષયક માન્યતાઓને તેમણે પોતાના લક્ષની સિદ્ધિને અનુકૂળ થાય એવી રીતે જીવનમાં વણી છે અને તે જ તેમનો સ્વતંત્ર ધર્મ બની તેમની અનેકમુખી પ્રવૃત્તિઓનાં દ્વાર ખુલ્લાં કરે છે. આ દૃષ્ટિએ વિચારતાં એમ કહેવું જ પડે કે ગાંધીજીના જીવનમાં જૈન ધર્મ એના મૂળ અર્થ કે પારિભાષિક અર્થમાં નથી જ. એ રીતે એમ પણ કહી શકાય કે તેમના જીવનમાં બૌદ્ધ કે બીજા કોઈ ધર્મો તેના સાંપ્રદાયિક અર્થમાં નથી જ અને છતાં તેમના જીવનમાં જે જાતનો ધર્મ સક્રિયપણે કામ કરી રહ્યા છે તેમાં બધા જ સાંપ્રદાયિક ધર્મોનો યોગ્ય રીતે સમન્વય છે.

મહાન આત્મા

ગાંધીજી આપણા જેવા જ એક માણસ છે. પણ તેમનો આત્મા મહાન કહેવાય છે અને વસ્તુતઃ મહાન સિદ્ધ થયો છે; અહિંસા ધર્મના લોકાભ્યુદયકારી વિકાસને લીધે જ.

ગાંધીજીને એક વાટકી ઉટકવાના કામથી માંડી મોટામાં મોટી સલ્તનત સામે ઝૂંબેશ ઉઠાવવાની પ્રવૃત્તિ કરવી પડી ન હોત અથવા તો એ પ્રવૃત્તિમાં અહિંસા, સંયમ અને તપનો વિનિયોગ કરવાની સૂઝ પ્રકટી ન હોત તો તેમનો અહિંસાધર્મ કદાચ પેલી નિર્માંસ ભોજનની પ્રતિજ્ઞા જેવી મર્યાદાઓના અક્ષરસઃ પાલનની બહાર ભાગ્યે જ આવ્યો હોત. એ જ રીતે ધારો કે કોઈ સમર્થતમ જૈન ત્યાગી હોય અને તેના હાથમાં સમાજની સુવ્યવસ્થા સાચવવા અને વધારવાનાં સૂત્રો સોંપાય, તેથી આગળ વધીને કહીએ તો તેને ધર્મપ્રધાન રાજતંત્ર ચલાવવાની સત્તાનાં સૂત્રો સોંપવામાં આવે તો તે પ્રામાણિક જૈન ત્યાગી શું કરે? જો ખરેખર એ વારસામાં મળેલ જૈન અહિંસાનો વિકાસ કર્યા સિવાય કાંઈ જવાબદારીઓ લેવા ઇચ્છે તો તે નિષ્ફળ જ નીવડે. કાં તો તેણે એમ કહેવું રહ્યું કે મારાથી સમાજ અને રાજ્યની તંત્રસુધારણામાં ભાગ લઈ ન શકાય; અને જો તે પ્રતિભાશાળી તેમ જ ક્રિયાશીલ હોય તો તે બધાં સોંપાયેલાં સૂત્રો હાથમાં લઈ તેને અમલમાં મૂકવા પ્રયત્ન કરે. આ પ્રયત્નનું પરિણામ એક જ આવી શકે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને તે એ કે જૈનપરંપરાના એક માત્ર નિવૃત્તિ પ્રધાન સંસ્કારોને બદલી તે અહિંસાની એવી વ્યાખ્યા કરે, સર્વ વિકસાવે કે જેથી તેમાં ગમે તેટલું સમાજલક્ષી અને વ્યાવહારિક પરિવર્તન છતાં અહિંસાનો મૂળ આત્મા જે વાસનાઓનો ત્યાગ અને સદ્ગુણોનો વિકાસ તે સુરક્ષિત રહી શકે.

ગાંધીજીનો ધર્મ નવીન છે

જો કોઈ પણ સાધક માનવજીવનનાં વિધવિધ ક્ષેત્રોમાં નિત્યનવા ઊભા થતા કોયડાઓનો ઉકેલ ધાર્મિક દૃષ્ટિથી કરવા ઇચ્છે તો તે સહેલાઈથી ગાંધીજીના જીવનધર્મની દિશા જાણી શકે. તેથી જ હું માનું છું, કે ગાંધીજીનો જીવનધર્મ જીવંત અને નવીન છે. નવીન એટલે તે જૂના ઉપર અભૂતપૂર્વ મહેલ છે. એ જ કાગળ, એ જ પીંછી અને એ જ રંગ છતાં તે અદૃષ્ટ-પૂર્વ ચિત્ર છે. સારેગમનાં એ જ સ્વરોનું અભૂતપૂર્વ સંગીત છે. અંગો કે અવયવો એ જ છતાં એ અપૂર્વ તાંડવ અને અલૌકિક નૃત્ય છે; કારણ કે ગાંધીજીની દૃષ્ટિમાં આ લોક અને પરલોક વચ્ચેની ભેદરેખા ભૂંસાઈ ગઈ છે. તેમને મનુષ્ય જીવનરૂપ કે બળતી મિથિલાની અંદર જ રહી તેની આગ શમાવવાના પ્રયત્નમાં જ પારલૌકિક નરકયંત્રણા નિવારવાનો સંતોષ છે, અને માનવજીવનમાં જ સ્વર્ગ કે મોક્ષની શકયતા સિદ્ધ કરવાની તાલાવેલી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org